અપીલ અરજી નં.૨૭૩ તા .૧૭–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુકેશભાઈ વસંતલાલ ગામીત
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશભાઈ વસંતલાલ ગામીતની તા. ૨૮–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)રૂઘનાથપુરા ખાન સાહેબનો ડેલોમાં હાલમાં બાંધકામ ચાલી રહયું છે તેમાં મુકેલી મંજુર ફાઈલોની તમામ નકલો આપવી વિ. મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૩/ ૨૦૧૧–૧૨

શ્રી મુકેશભાઈ વસંતલાલ ગામીતની તા. ૨૮–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) રૂઘનાથપુરા ખાન સાહેબનો ડેલોમાં હાલમાં બાંધકામ ચાલી રહયું છે તેમાં મુકેલી મંજુર ફાઈલોની તમામ નકલો આપવી વિ. મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭– ૯–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માંગેલ માહિતી અંગે નકલ સહ દફતરી હકીકત સ્પષ્ટ કરવા/ આકારણીની માહિતી માટે પણ સ્પષ્ટતા કરવા પત્ર** નં.આરટીઆઈ સેલ/૮૪૭ તા.૨૯–૯–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૨૮–૭–૧૧ ની અરજીથી રૂઘનાથપુરા ખાન સાહેબનો ડેલોમાં હાલમાં બાંધકામ અંગેની માહિતી માંગતી અરજી મુદ્દા નં.(૧)થી (૭) બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં./૩૪૫ તા. ૨૯–૭–૧૧થી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી તા.૧૭–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) રૂઘનાથપુરા ખાન સાહેબનો ડેલોમાં હાલમાં બાંધકામ ચાલી રહયું છે તેમાં મુકેલી મંજુર ફાઈલોની તમામ નકલો આપવી. મુદ્દા નં.(૨) આ પ્લોટની ચતુર સીમાનું માપ આપશો. મુદ્દા નં.(૩) આ પ્લોટમાં બાંધકામ કરતી વખતે કોઈ નોટીસ આપવામાં આવેલ છે તેની માહિતી આપો. (૪) આ સ્થળ શહેર વિકાસ વિભાગના આસી/જુ. ઈજનેર , ડે ઈજનેર કાર્યપાલક કોના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલા છે તેની માહિતી આપો. (૫) આ સ્થળમાં મુળ માલિકના નામ સરનામા આર્કી. ની વિગતો આપશો. (૬) આકારણી વિભાગમાં આ સ્થળમાં વધારાનું કેટલું બાંધકામ નોંધાયેલ છે તેની વિગત આપશો. (૭) આ સ્થળ જાહેર રોડના રસ્તાનું માપ જણાવશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી માહિતીના ઈન્કાર અંગેઆરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૭–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મુકેશભાઈ વસંતલાલ ગામીત